# 43

## જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

* 15/4/2523 : **શ્રી અરવિંદભાઇ જીણાભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ કયા કારણોસર સમાવેશ કરવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોનો ક્યાં સુધીમાં ઉક્ત યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા અને બાકી રહેલા તાલુકાવાર ગામોની માહિતી આ સાથે પત્રક–અ અને પત્રક–બ મુજબ છે.

જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઇ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઈપણ જિલ્લામાં “કિસાન સૂર્યોદય યોજના”નો અમલ કરતાં પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે.

(૩) ઉક્ત બાકી રહેતા ગામોને દિવસે વીજળી આપવાની જરૂરી કામગીરી ડિસેમ્બર–૨૪ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે.

----------

**પત્રક–અ**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | |
| ૧ | ભેસાણ | ૨૪ | ૪૦ | ૦ |
| ૨ | જુનાગઢ | ૧૦ | ૫૯ | ૦ |
| ૩ | કેશોદ | ૩ | ૪૯ | ૪ |
| ૪ | માળિયા હાટીના | ૧૩ | ૬૭ | ૦ |
| ૫ | માણાવદર | ૦ | ૫૬ | ૦ |
| ૬ | માંગરોળ | ૦ | ૩૯ | ૨૦ |
| ૭ | મેંદરડા | ૨૬ | ૪૮ | ૦ |
| ૮ | વંથલી | ૦ | ૪૬ | ૦ |
| ૯ | વિસાવદર | ૭૨ | ૭૪ | ૦ |

**<u>પત્રક–બ</u>**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | |
| ૧ | કુતિયાણા | ૦ | ૨૯ | ૧૬ |
| ૨ | પોરબંદર | ૦ | ૪૦ | ૩૪ |
| ૩ | રાણાવાવ | ૦ | ૧૪ | ૧૬ |